૨૮૩૬

મુર્ખ ચોરોનો ફારસ

પ્રવેશ ૧ લો

(નદી કીનારે ૪ ત ચોરો ચોરી કરીને આવેછે.)

૧ લો ચોર—દરવાજા બંધ થયા હવે આપણે શુંથી ઘેર કેમ જવાં. આ નદી ઉતરીને જઇએ તો ઠીક થાય.

૨ જો ચોર—પણ નદીમાં પાણી ઘણું છે તેથી આપણે શી રીતે જઇ શકીએ. બુડી મરીએ તો.

૩ જો ચોર—કેમ કીમ બોલો છો ! નદી જાગતી હશે ત્યાં સુધી તો આપણે જઇ શકનાર નથી પણ જ્યારે તે ઉંઘી જશે ત્યારે આપણે આમાંથી પાર ઉતરીશું.

૪ થો ચોર—આપણે જાણીએ કેમ કે નદી ઉંઘે છે કે જાગે છે

૩ જો ચોર—તે તો કોઇ મને ખબર નથી

બીજો કોઇ જાણતો હોય તો બોલી દો.

૫ મો ચોર—હા હા ! એ વાત કેની તો મને ખબર છે

૬ ઠો ચોર—(તેને મારીને) તો ભલા માણસ બોલ કેની :

૫ મો ચોર—જુઓ કની, આ બીડી છે કેની તે લઇને પાણીમા બોળીએ અને એમાથી અવાજ નિકળે કની તો જાણવું કે, નદી કેની જાગે છે. અને જો અવાજ ન આવે કેની તો જાણવું કે, નદી કેની તે ઉંઘે છે

૭ મો ચોર—ચાલો ભાઇઓ ! નદી ઉંઘે છે કે જાગેછે તેની ખાત્રી કરવા નદી કીનારે જઇએ

(એમ કહી બધા જણા નદી કીનારે ગયા, ત્યા પાંચમા ચોરે, પોતે જે બીડી પીતો હતો તે પાણીમાં બોળી એટલે અવાજ થયો.)

બધા સાથે—જાગેછે રે જાગેછે ! જરાવાર બેસો.

૨૮૨૯

(એમ કહી બધા જણા પાછા જઈને પોત પોતાને ઠેકાણે બેઠા)

૩ જો ચોર—આપણે બધા નદી પાર ઊતરીશું તે વારે ત્યાં જે કોઈ પેલો જઈ પુગે તેણે સાતે ને ગણવા અને જ્યારે બધા આવી રહે ત્યારેજ ત્યાંથી આગળ ચાલવું.

(થોડીવારે પાંચમો ચોર નદી કીનારે જાય છે અને ઓલવાઈ ગયલી બીડી પાણીમાં બોળી એટલે કાંઈ અવાજ થતો નથી તે જોઈને)

૪ થો ચોર-ભાઈઓ, હું કહું છું, નદી ઊંડી ગઈ. હવે કેની તે પાર ઉતરવાની ધાસ્તી નથી.

(બધા ચોરો ચોરેલા સરસામાન હાથમાં લઈને નદીમાં કુદી પડે છે અને પાંચમો ચોર પહેલો નીકળી જાય છે તે બધાને ગણે છે પણ પોતાને ગણવો ભુલી જાય છે)

૫ મો ચોર—આ કેની તે એકજ, આ બેજ,

આ ત્રણ્યમ, આ ચારમ, આ પાંચમ,
આ છઅ. (ચોરોને) અરે ભાઈઓ આપણે
ફરી તે બધા છ જણ થઈ રહ્યા એક છઠ્ઠો
કેમ ન આવ્યો?

૨ જો ચોર—જરાવાર થોભો છઠ્ઠો આવતો હશે
(બધા નદીને બીજે કીનારે બેસે છે
સવાર પડે છે પણ કોઈ આવતું નથી
એમ જાણી)

૧ લો ચોર—આપણો સાતમો ભાઈ બુડી ગયો
હો એમ લાગે છે.

૪ થો ચોર—છઠ્ઠો હજી સુધી ન આવ્યો એટલે એમજ
લાગે છે.

૭ મો ચોર—રહો રહો મને ગણવા દો જોઈએ
(બધા ચોરોને ગણે છે પણ પોતાને
ગણતો નથી.) ખરેખર આપણે તો
છજ છીએ.

૬ ઠો ચોર—રહોને તારે મને ગણવા દે (એમ

કહી તે પણ ગણે છે. પોતાને ન ગણત બીજા છએને ગણેછે)

હારે બા! ખરેખર તે મરી ગયેલો હોવો જોઇએ.

ભખા ચોર—(રડીને) ઓ અમારા બાપ રે!! તું નદીમાં બુડી મુઓ રે!! તને મગર મછ ખાઇ ગયો રે!! ઓ અમારા બા-પ રે!! હવે અમે ચોરી કરવા કેમ જઈશું રે!!!

(વગેરે વગેરે ચોરો રડે છે એટલામાં તે ગામનો પુંજા પટેલ આવે છે, તે તેમને રડતા દેખી પાસે આવેછે.

પુંજોપટેલ—બાપડો! તમે કુણ છો અને અહી સવારના પોહોરમા રડોછો શા માટે?

ભખા ચોર—બાપસાબ! અમે રાતના સાતે જણ આ પાસેના ગામમાં ચોરી કરવા ગયા હતા અને ત્યાંથી અમને ઘણો પૈસો

મળ્યો, પણ રાતના દરવાજા બંધ હોવાથી
અમે નદી કીનારે આવ્યા અને ત્યાંથી નદીમાં
પડતુ મેલ્યું તે આ કાંઠે નીકળ્યા. અમારા
માંનો એક જણ નદીમાંથી નિકળી શક્યો
નહીં અને બુડીમુઓ તેને અમે રડીએ છીએ

મુંજો—(મનમાં) સાત જણતો છે ને એમ કેમ
બોલેછે. હું મારી ખાત્રી તો કરી જોઉં
(ચોરોને) તમે એક વખત મારી સામે
ગણી જાઓ જોઇએ કે તમે કેટલા છો.
(પછી એક જણ ગણેછે તે ૭ સુધી
ગણી પોતાને ભુલી જાય છે. એ પ્રમાણે
દરેક પાસે ગણાવે છે.)

મુંજો—(મનમાં) આ લોક ચોર તો ખરા પણ
તદન મુર્ખ છે માટે ક્રમે કરીને આ લોકો
ને સમજાવવું જોઇએ (ચોરોને) ભલા
માણસો. તમારો આતમો આઠબંદ હું
લાવી આપું તો ?

બધા—તો તો બાદશાહ આ બધો પૈસો તમ
આપીને અમે તમારા ચાકર થઇ રહેશું
મુંજો—તમે તમારા બાપ દાદાનો કોલ આપ
(બધા ચોરો તેને કોલ આપે છે. પ
પટેલ પોતાની લાકડી હાથમાં લઇને) ર
લાકડીથી તમને એક એક ફટકો માર
જાઉં એટલે તમે એક બે એમ ગણ
ગણતા ખુશી થજો. (એમ કહી તેમ
એકેક લાકડી મારતો જાય છે અને ચો
એક બે ત્રણ ચાર એમ ગણતાં એ
બાજુ થઇ જાય છે. સોને ગણી આપે
એટલે તેઓ ખુશી થઇ જાય છે)
બધા—(પટેલને પગેલાગી) બાપજી! તમે અમા
મરી ગયેલા બાજંદ લાગી આપ્યો તેં
તમે જે કામ કરવાને કહેશો તે કરવ
અમે તૈયાર છીએ.
(પટેલ તેમને પોતાને ઘેર લઇ જાય

પ્રવેશ ૨ જો

(પટેલનું ઘર. પટેલને મામલતદારનું માણસ બોલાવવા આવ્યું હશે તથા જવાની તૈયારી માં છે. પટેલની મા અ.જારી પડી છે તે એક ખાટલા ઉપર સુતી છે)

પટેલ—(ચાર ચોરોને) બે અહીં ઘરમાં બેશી રહેજો અને મારી મ.ની સેવા કર્યા કરજો અને જો હું આવું તેની અગાઉ મરી જાય તો નદી ઉપર લઇ જઇને બાળી નાખજો.

ચાર ચોરો—વારૂ સાબ.

પટેલ—(બે ચોરોને) તમે ગાડું લઇને ખેતરે જાઓ અને ત્યાંથી ઘાસ ભરી લાવો.

બે ચોર—વારૂ સાબ

પટેલ—(બાકી રહેલા એકને) તું આ મારીનું વાસણ લઇને ગામમાં જા અને ત્યાંથી મારે નામે તેલ લઇ આવ.

આઠમો ચોર—વારૂ સાબ

(પડેલ જાયછે તેની પછી ચાર જણ ચોતાના સોંપેલા કામ પ્રમાણે ડોશી પાસ બેઠે છે બે જણ ગાં લઇને જાયછે અને એક જણ તાપ લેવા જાયછે।

(એ બે ના ગયા પછી ચારે જણ ડોશી આગળ બેસેછે અને ચ ડાવરે ડોશીના માથા ઉપર એક માખી આવીને બેસેછે, પણ ડોશીનું કપાળ દરાજ લગાડયાથી ચીકાશ વાળુ હોવાથી તે ચોટી જાય છે, ચોરો તેને ઉડાડવાને કરેછે પણ ઉડતી નથી તેથી)

૨ જો ચોર—ભાઇઓ રે, આ માખી તો ઉડતી નથી હવે કેમ કરીએ, આપણા ધણીનો તો હુકમજ છે કે, ડોશીને હેરાન ન કરવી માટે આ સોટાની ભુંભસ પડીછે તે લઇને માખીને મારો એટલે ઉડી જશે.

(એજ પ્રમાણે તે બોગળાથી ડોશીના માથા ઉપર એક ઘા મારે કે, ડોશીના તો રામ

રમી રહ્યા, એટલામાં એક પાડોશી
આવ્યો તે)

પાડોશી—અરે ભલા માણસો ડોશી તો મરી
ગઈ હવે તમે એની આગળ બેશીને
શું કરો છો ?

ચોર—હેં હેં ખરેખર મરી ગઇ ! !

પાડોશી—હા હા ખરેખર.

(ચોરો બે વાંસ લાવી તેની સીડી કરી
ઉપર ડોશીને વગર બાંધે મુકીને લઇ
જાયછે. એટલામાં ડોશીનું મડદુ છાપરાના
બારવટયામાં ભરાઇ જાયછે અને ચોરો
ખાલી સીડી લઇને 'રામ બોલો ભાઇ રામ'
કરતા જાયછે)

પ્રવેશ ૩ જો

ગાડી લઇને બે ચોરો જાય છે
ગાડાના પઇડામાં તેલ પુરેલું ન હોવાથી
અવાજ થાયછે

૧ લો ચોર—ભાઇ હવે તો ખેતર પાસે આવ્યું
ગાડું જલદી જલદી હાંક કેની

૨ જો ચોર— સેની ભાઇ એથી તે કેટલોક જલદી
હાંકુ (બળદને)ચાલ ચાલ ફાગીઆ મેરીઆ
હો ! તારો મળી મરે ચાલ !

(હાંકી જાયછે.)

પ્રવેશ ૪ થો

(નદી કીનારે એક તરફ એક ડોશી
છાણા વીણે છે બીજી તરફથી ચોરો સીડી
લઇને દાખલ થાયછે. સીડી નીચે મુકીને
જુવેછે તો મુડદું ન મલે તેથી)

૨ જો ચાર—અરે ડોશી ક્યાં ગઇ ?

૩ જો ચોર—(છાણા વીણતી ડોશી ઉપર નજર
પડવાથી) અરે જુઓ જુઓ ! ત્યાં ભાગી
ગઇ છે અને આપણને જોઇને છાણા
વીણવા મંડી ગઇ છે. (બધા તેની પાસે
જાય છે)

બાવા —અરે ડોશી, તારો છોકરો આવો પૈસાદાર છતાં તું છાણા વીણે છે એ કાંઇ સારી વાત છે. ચાલ ચાલ, અમારી સાથે અમે તારા ચાકર તારે વાસ્તે હમણાં છાણા વીણી લાવીશું. (એમ કહીને ડોશીને ઝાડી પાસ લઇ જાય છે.)

(બે ચોર માં પડેલા લાકડાના કટકા વીણે છે અને બે છાણા વીણવા જાય છે પછી બધાનો ઢગલો કરી તેને સળગાવી અંદર નાખી દેવાનું કરે છે.)

ડોસી- -અરે બાવાઓ મેં તમારૂં શું બગાડયું છે કે, તમે મને બાળી નાખવાનું કરોછો!

બાવા ચોર—મુંગી મરી રહે, તું તો મરી ગઇ છે તેથી, તારા છોકરાની અમને રજા છે (એમ કહીને તેને અગ્નીમાં નાખી દેછે બળી રહ્યા પછી ઉપર માળી નાખી દેવતા ઓળવાને ચાલતા થાય છે.)

પ્રવેશ ૫ મો

(બે જણા ઘાસનો ગાડો ભરીને આવે છે)
ગાડા ઉભા રાખી ચાકમા તેલ નાખે છે
તેથી અવાજ આવતો નથી એટલે)

૫ મો ચોર—ભાઈ આટલી વાર સુધી કેની ત
ગાડુ ખોટનુ હતુ હશે તો કેવી તે નથી
બોલતું તેથી એમ જણાય છે કે એ નગી
ગયુ આપણે કરી તે ભરેલુ ગાડું ઘેર
લઇ જઈશું કેની તો આપણા નબી
આપણી ઉપર ખીજશે, માટે એમ અકી જ
બાળી નાખીએ તો સારૂ કે ની ?

૬ ઠો ચોર—હા હા ! એમજ ઠીક છે
(એમ કહી ગાડાને બળદ સુધાં ઘાસમા
બાળી નાખીને ચાલતા થાય છે)

પ્રવેશ ૬ ઠો

નદી કીનારે સાતમો ચોર ઘડો
લઇને દાખલ થાય છે.

૭ મો ચોર—ગામ તો હવે નજદીક આવ્યું, ચાલ રામ જરાક આ નદી કીનારે બેશી પાણી તો પીઉં (એમ કહી ઘડો કીનારે મુકી પાણી પીવા જાય છે. પાણી પી પાછો ફરીને) હાઆસ! આ ઘડો તલથી આખો ભરેલો છે કે અધુરો તે ઉઘાડી જોવું જોઈએ. જો કદાચ અધુરો હોય તો અંદર પાણી નાખીને પુરો કરવો જોઈએ (એમ કહી ઘડાનું મોઢું છોડે છે, અને પોતે અંદર જુએ છે. પોતાનું પ્રતીબીંબ તલમાં દેખાયાથી) અરે અંદર તો ચોર ભરાયલો છે, માટે જો હું એને ઘેર લઈ જઈશ તો મારા ધણીના ઘરમાં ચોરી કરશે માટે એને અહીંજ પુરો કરી નાખવો જોઈએ.

(એમ વિચાર કરીને એક મોટો પથરો ઉચકીને ઘડા ઉપર નાખે છે એટલે ઘડો

માઠીનો હોવાથી ચુરે ચુરા થઈ જાય છે અને તેલ ઢોલાઇ જાય છે ચોર ખાલી હાથે પોતાને ઘેર ચાલતા થાય છે)

પ્રવેશ ૭ મો

(પટેલનું ઘર, ઘરમાંની બધી વસ્તુઓ બીજા ચોરો ચોરી ગયા છે અને પટેલ ગુસ્સામાં ઉભો છે એટલામાં ચાર ચોર આવે છે)

પટેલ—અરે હરામખોરો તમે ક્યાં ગયા હતા?

ચોર—સાબ, અમેતો તમારી ડોશીને નદી કીનારે બાળવાને લઇ ગયા હતા.

પટેલ—આ ડોશી તો ઉપર લટકે છે ને? તમે કોને બાળી આવ્યા? કોઈ બીજાની ડોશીને બાળી આવ્યા હશો.

(એટલામાં બે ચોર આવે છે)

પટેલ—કેમ ઘાસ લાવ્યા કે?

ચોર—સાબ ઘાસ કેની તે લાવતા હતા એટ

હામાં રસ્તામાં ગાડું મરી ગયું તથી તે સળગાવી દીધું.

(એટલામાં સાતમો ચોર આવે છે.)

પટેલ--કેમ તું તેલ લાવ્યો ?

ચોર—સાબ, તેલના ઘડામાં તો ચોર ભરાયલો હતો તેથી મેં ચોરને મારી નાખવા તે ભાંગી નાખ્યો.

પટેલ—મુર્ખાઓ ! નકટો આવીઓ ! જાઓ તમારૂં કાળું કરો. કહ્યું છે કે, 'શાણાના ચાકર થવું પણ મુર્ખાઓના ધણી ન થવું' હશે બનવા કાળ હતુ તે બન્યું.

(બધા જાય છે.)

સમાપ્ત